જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૨૦૧૫ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૫૫૪/૧૫**

**બી.એમ.ડબ્લ્યુ, ઓડી, મર્સીડીઝ જેવી લકઝુરીયસ કારોના લોગોની ચોરી કરી તેને વેચાણ કરવા ફરતા આરોપીને જુદી-જુદી કંપનીની કારોના લોગો નંગ-૭૧ સાથે નવરંગપુરા વિસ્તારમાંથી ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓએ, મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સ.ઈન્સ. શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઇન્સ. શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન સ્ટાફના પો.કોન્સ. કરણસિંહ રવસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી જીતેન્દ્રસિંહ મંગળસિંહ દેવડા ઉ.વ.૩૫, રહે. નેપ્ચુન હાઉસ પગીની ઓરડી, અદાણી હાઉસ સામે, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ મુળ ગામ. જશવંતપુરા, તા. ભીનમાલ, જી. ઝાલૌર, રાજસ્થાન નાને નવરંગપુરા મીઠાખળી છ રસ્તા પાસેથી બી.એમ.ડબ્લ્યુ, ઓડી, મર્સીડીઝ, સ્કોડા, મારૂતી સુઝુકી, ટોયોટા, મહિન્દ્રા, હુન્ડાઇ, શેવરોલેટ, ફોર્ડ, ટાટા, રીનોલ્ટ કંપનીની કારોના લોગો નંગ-૭૧ કિંમત રૂ.૧૭,૪૦૦/- ની મત્તાના સાથે તા.૨૧/૧૨/૨૦૧૫ રોજ પકડી અટક કરવામાં આવેલ છે અને જેની પુછપરછ કરતા સદર લોગો પોતાને ગણપત યુનીવર્સીટી, ખેરવા તા.જી. મહેસાણા ખાતે અભ્યાસ કરતા એક સ્ટુડન્ટ નાઓએ વેચાણ કરવા માટે આપેલ છે. સદર લોગો અલગ-અલગ કારો પરથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

સદર લોગો ચોરી અંગે ફરીયાદીઓને શોધી કાઢવા આગળની તજવીજ હાથ ધરવામાં આવેલ છે.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)